# સંશોધન નિયામકશ્રીની કચેરી

આણંદ કૃષિ યુનિવર્સિટી

આણંદ-૩૮૮ ૧૧૦

વંચાણે લીધો: નિયામકશ્રી (આઇ.ટી)ની કચેરીના પરિપત્ર જા.નં. આકૃયુ/ડીઆઇટી/૫૪૩-૪૪/૨૦૧૯ તા.૧૮/૦૧/૨૦૧૯

## પરિપત્ર

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, ઉપરોકત વંચાણે લીધેલ પરિપત્ર અંતર્ગત તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તથા ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને ગવર્નમેન્ટ ઇ-માર્કેટ પ્લેસ (GeM) અંગેની તાલીમ આપવામાં આવેલ છે અને યુનિવર્સિટી તરફથી આ અંગેની કરવાની થતી સંપૂર્ણ કામગીરી પૂર્ણ કરેલ છે. જેથી માન.કુલપતિશ્રીની સુચના અનુસાર તા.૦૧/૦૨/૨૦૧૯થી તમામ ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટ પ્લેસ (GeM) પરથી ફરજીયાત કરવાની રહેશે અને તેનો અમલ ચુસ્તપણે કરવાનો રહેશે. વધુમાં, નીચે દર્શાવ્યા પ્રમાણેની સુચનાઓ ધ્યાને લઇને આગળની કાર્યવાહી કરવાની રહેશે.

- જે વિભાગ/કેન્દ્રો દ્વારા ભાવો મંગાવવામાં આવેલ છે તેમણે તા.૩૧/૦૧/૨૦૧૯ સુધીમાં ઓર્ડરો આપીને ખરીદીની કાર્યવાહી તાત્કાલિક પૂર્ણ કરવાની રહેશે.
- જે વિભાગ/કેન્દ્રો દ્વારા પેપર ટેન્ડર/ઇ-ટેન્ડર પ્રકાશિત કરવામાં આવેલ છે તેઓએ બાકી રહેલી કામગીરી તા.૦૧/૦૨/૨૦૧૯ પછી નાણાકિય વર્ષના અંત સુધીમાં પૂર્ણ કરી શકશે તથા અન્ય કોઇ વિભાગ/કેન્દ્ર સદર ટેન્ડરનો આધાર લઇને ફરીથી ખરીદી કરી શકશે નહી.
- જે વિભાગ/કેન્દ્રો દ્વારા તા.૩૧/૦૧/૨૦૧૯ સુધીમાં પરચેઝ ઓર્ડર આપવામાં આવેલ હશે તે બાકી રહેલી કામગીરી તા.૦૧/૦૨/૨૦૧૯ પછી તાત્કાલિક પૂર્ણ કરી શકશે.
- તા.૦૧/૦૨/૨૦૧૯થી કોઇ પણ પ્રકારના ટેન્ડર/કવોટેશન/ભાવો મંગાવવીને ખરીદ કરવાની પ્રક્રિયા હાથ ધરવી નહી જેની ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

જા.નં. આ.કૃ.યુ/સં.નિ./ ટી.૧/ ૯૬૬૪ /૨૦૧૯

તા.૨૫/૦૧/૨૦૧૯

સંશોધન નિયામક અને

અનુસ્નાતક વિધાશાખાધ્યક્ષ

નકલ રવાના પ્રતિ,

1. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ સારૂ
2. આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ

D:\2018-19\Circular.docx